Government of Gujarat

# FEE REGULATORY COMMITTEE (TECHNICAL)

*Constituted under Section 9(1) of the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 (Gujarat Act No. 2 of 2008)*

2nd Floor, Room No. 126, ACPC Building, L. D. College of Engineering Campus, Opp. Gujarat University, Navrangpura, AHMEDABAD-380015. **Email:** frctechguj@gmail.com frctech-dte@gujarat.gov.in
**Phone:** 079-26302937 **Fax:** 079-26304118 **Website:** www.frctech.ac.in

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં. એફ. આર. સી/૨૦૨૦/ફી-બ્લોક/૨૦૨૦-૨૩/પ્ર.ત/૧૩ તા.૧૮/૦૩/૨૦૨૦

**અગત્યનું/ સમયમર્યાદા**

પ્રતિ,

તમામ સ્વ-નિર્ભર સંસ્થાઓ નાં આચાર્યશ્રી/ડીનશ્રી .

મહાશય,

સવિનય જણાવવાનું કે સમિતિ દ્વારા આગામી ફી બ્લોક ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ નાં સમયગાળા માટે રાજ્ય માં ચાલતી, કાયદા અંતર્ગત જાહેર કરાયેલ વ્યવસાયિક અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓ ની ફી નિયમન કરવા નું કાર્ય હાથ ધરવામાં આવેલ છે.

ગુજરાત વ્યવસાયિક ટેકનીકલ કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ માં ગુજરાત સરકાર દ્વારા માહે ડીસેમ્બર-૨૦૧૯ માં સુધારો કરાયેલ છે, જે સમિતિ ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

તમામ સ્વનિર્ભર સંસ્થાઓએ આ પરિપત્ર માં દર્શાવાયેલ સુચનાઓ મુજબ નિયત સમયમર્યાદા માં કામગીરી અચૂકપણે પૂર્ણ કરવાની રહેશે.

(૧) તમામ સંસ્થાઓએ તેમના નોધાયેલા ઈ-મેઈલ પર ફી નિયમન સમિતિ દ્વારા માં મોકલવા માં આવેલ credentials થી ફી નિયમન સમિતિ નાં વેબ-પોર્ટલ પર કાર્યવાહી કરવાની રહેશે.

(૨) રાજ્ય સરકાર દ્વારા તાજેતર માં કરાયેલ સુધારા ને ધ્યાને લઈ ને જે સંસ્થા, આગામી ફી બ્લોક ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ના સમગ્ર સમયગાળા દરમ્યાન, પોતાના વર્ષ ૨૦૧૯-૨૦ નાં હયાત ફી-માળખા માં ***૫% થી વધુ ફી વધારો સુચવવા માંગતી હોય*** તે સંસ્થાઓએ તે મુજબ ની સંમતિ આપવાની રહેશે. **આ સંસ્થાઓ માટે ફી માળખા ની દરખાસ્ત મંગાવવાની પ્રક્રિયા આગામી સમય માં શરુ કરવામાં આવશે અને તે માટે સંસ્થાના નોંધાયેલ ઈ-મેઈલ પર ટૂંક સમય માં સૂચના આપવામાં આવશે.**

(૩) રાજ્ય સરકાર દ્વારા કરાયેલ તાજેતર નાં સુધારા ને ધ્યાને લઈ ને જે સંસ્થા, અગામી ફી બ્લોક ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ નાં સમગ્ર સમયગાળા દરમ્યાન, વર્ષ ૨૦૧૯-૨૦ નાં હયાત ફી-માળખા માં ***૫% ની મર્યાદા માં ફી વધારો સુચવવા માંગતી હોય*** તેવી સંસ્થાઓએ સંમતિ આપી નીચે જણાવેલ પ્રક્રિયા અનુસરવાની રહેશે.

**પ્રથમ તબક્કો:-**

જો સંસ્થા ફી નિયમન સમિતિ એ વર્ષ ૨૦૧૯-૨૦ માં નિયત કરેલ ફી ની સાપેક્ષે, આગામી ફી બ્લોક ૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ નાં સમગ્ર સમયગાળા દરમ્યાન:-

(૧) ૫% ની મર્યાદા માં ફી વધારો સૂચવતા હોય અથવા

(૨) ફી માં કોઈ વધારો ન સૂચવતા હોય અથવા

(૩) ફી માં ઘટાડો સૂચવતા હોય,

તો, સંસ્થાએ ફી નિયમન સમિતિ નાં વેબ-પોર્ટલ પર લોગીન કર્યા બાદ, નીચે મુજબ ની કાર્યવાહી કરવાની રહેશે.

(અ) સંસ્થા નાં સંચાલક મંડળ દ્વારા ફી સબબ કરાયેલ ઠરાવ અપલોડ કરવાનો રહેશે.(નમુનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.)

(બ) ફી નિયમન સમિતિ નાં વેબ-પોર્ટલ પર થી ઓટો-જનરેટેડ "Declaration cum Undertaking" ની પ્રિન્ટ લઈ , રૂ. ૩૦૦ /- નાં સ્ટેમ્પ પેપર પર સંસ્થા નાં અધિકૃત પ્રતિનિધિ/આચાર્યશ્રી એ Executive Magistrate/ Notary ની સમક્ષ સહી-સિક્કા કરી "Declaration cum Undertaking" અપલોડ કરવાનું રહેશે (નમુનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.)

(ક) સંસ્થાની મૂળભૂત માહિતી ભરવાની રહેશે.

(ડ) જરૂરી નિર્ધારિત પ્રોસેસિંગ ફી પણ ઓનલાઈન ભરવાની રહેશે.

(ઈ) આખરી સંમતિ આપવાની રહેશે.

સંસ્થાએ ઉપરોક્ત જણાવેલ કામગીરી <u>તા. ૨૭/૦૩/૨૦૨૦, સાંજના ૫.૦૦ કલાક</u> સુધી માં પૂર્ણ કરવાની રહેશે.

ત્યારબાદ, આનુષંગિક અસલ દસ્તાવેજો ની ફાઈલ સમિતિ ખાતે <u>રૂબરૂ માં તા. ૩૧/૦૩/૨૦૨૦ સાંજના ૫.૦૦ કલાક</u> સુધી માં પહોચાડવાની રહેશે.

ફી બ્લોક ૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માટે પ્રોસેસિંગ ફી નાં દરો નો પરિપત્ર, સમિતિ ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

વિશેષ માં , સદર બાબતે કોઈ મુંજવણ જણાય તો સમિતિ નાં ઈ -મેઈલ frctech-dte@gujarat.gov.in પર સંપર્ક કરવો. ઈ -મેઈલ દ્વારા સંપર્ક વખતે સંસ્થા નું નામ, અભ્યાસક્રમ અને પ્રિન્સીપાલશ્રી નો મોબાઈલ નંબર અવશ્ય લખવા વિનંતી છે.

ખાસ ફરજ પર નાં અધિકારી